## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં વિધાર્થી સંઘ દ્વારા ઉત્તરાયણ નિમિત્તે પતંગ ઉત્સવનું કાર્યક્રમ યોજાયો



**દાહોદ :** દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના વિદ્યાર્થી સંઘ દ્વારા તા.10-01-2026 ના રોજ પતંગ ઉત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થી સંઘના વિદ્યાર્થી હોદ્દેદારો દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે સુંદર આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમના આયોજન માટે કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી.જે.ખરાદી એ પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થી સંઘના શિખા મોઢીયા અને ભૂમિ ટીલવાણી ની આગેવાની હેઠળ થયેલ હતો. જેમાં સૌ સ્ટાફ સભ્યો એ પણ ઉત્સાહ પૂર્વક ભાગ લઈને શુભેચ્છા પાઠવી હતી.

### કાલોલના વિશ્વ પ્રસિદ્ધ મલાવ કૃપાલુ આશ્રમમાં વિશ્વ હિન્દૂ પરિષદની બે દિવસીય પ્રાંત બેઠક સંપન્ન




**કાલોલ :** વિશ્વ હિન્દૂ પરિષદ વિશ્વના સમસ્ત હિન્દૂઓના હિત માટે કાર્યરત છે. ત્યારે કેન્દ્રીય બેઠક બાદ આગામી કાર્યની યોજના અને આયામના કાર્ય વિસ્તાર હેતુ સામુહિક વિચાર અને આયોજન માટે દક્ષિણ ગુજરાત પ્રાંત બેઠકનું આયોજન પંચમહાલ જિલ્લામાં પ્રથમ વાર થયું છે. કાલોલ તાલુકના મલાવ સ્થિત રાજર્ષિ મુનિજીના પાવન આશ્રમ કૃપાલુ આશ્રમમાં સફળતાપૂર્વક સંપન્ન થઈ. આ બેઠક બે દિવસ સુધી ચાલી જેમાં વિવિધ સત્રોમાં પરિષદની કાર્ય પ્રણાલી, પરિષદના થયેલા કર્યો તથા આગામી સમયની યોજનાની ચર્ચા અને આયોજન કરવામાં આવ્યું. વિવિધ આયામના વૃત સાથે દરેક આયામ પ્રભાવશાળી રીતે સમાજ, રાષ્ટ્ર અને ધર્મના કાર્યમાં અગ્રેસર રહીને કામ કરે તે માટે તેના વિસ્તારની યોજના માટે ચર્ચા વિમર્શ કરવામાં આવ્યો. 22થી વધુ જિલ્લાની આ બેઠકમાં 200 જેટલા સક્રિય કાર્યકર્તાઓએ ચિંતન વિમર્શ કર્યો. કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ગોપાલજી, ક્ષેત્રીય મંત્રી અશ્વિનભાઈ પટેલ, ક્ષેત્રીય સંગઠન મંત્રી રંગરાજેજી, પ્રાંત મંત્રી રાજેશભાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા અને માર્ગદર્શન પૂરું પાડ્યું.

### દાહોદ ઘટક ૧ના તમામ આંગણવાડી કાર્યકર બહેનો માટે આદર્શ આંગણવાડી SOPની તાલીમ યોજાઇ



**દાહોદ :** તાલુકા પંચાયત દાહોદ ખાતે દાહોદ ઘટક ૧ ના તમામ આંગણવાડી કાર્યકર બહેનોની આદર્શ આંગણવાડી ચલાવવા માટેની SOP ની તાલીમ યોજાઈ હતી. જેમાં તાલુકા પંચાયત કચેરી દાહોદ ખાતે સી.ડી.પી.ઓના અધ્યક્ષ સ્થાને મુખ્ય સેવિકા બેનો,NNM,PSE દ્વારા દાહોદ ઘટક ૧ ના તમામ આંગણવાડી બહેનોની તાલીમ યોજાઈ હતી. આદર્શ આંગણવાડી કેન્દ્ર માટેની કામગીરી અંગે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર (SOP) ની તાલીમયોજાઇહતી.સી.ડી.પી.ઓ એઆંગણવાડી કેન્દ્રોની વિઝીટ ,પૂર્વ પ્રાથમિક શિક્ષણ, કુપોષણ અને આંગણવાડી કેન્દ્રો નિયમિત ખુલે આંગણવાડી કાર્યકરને કુપોષિત બાળકોના પોષણ સ્તર માં સુધારો લાવવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સમયસર કામગીરી થાય એ બાબતે ભાર પૂર્વક સૂચના આપવામાં આવી હતી.

### શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી



**ગોધરા :** શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાના હિન્દી વિભાગ દ્વારા વિશ્વ હિન્દી દિવસ નિમિત્તે વિશેષ શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત ઉત્તર મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, જલગાંવના ડો. બાબુરાવ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં વિશ્વ ફલક પર હિન્દી ભાષા બોલનારાઓની સંખ્યા ૧૬૨ કરોડથી પણ વધારે છે. તેમણે આઝાદીના આંદોલનથી માંડીને આજના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગ સુધી હિન્દી ભાષાના પ્રસાર અને પ્રભાવ અંગે ઊંડાણપૂર્વક પ્રકાશ પાડ્યો હતો. ભારતની પ્રાદેશિક સીમાઓ ઓળંગીને હિન્દી આજે વૈશ્વિક સ્તરે તમામ ક્ષેત્રોમાં મજબૂત બની રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

---

ગુજરાત- મધ્યપ્રદેશની સરહદે કતવારા પોલીસ મથક વિસ્તારમાં દાહોદ લોકલ ક્રાઇમ બ્રાન્ચનો સપાટો

# પ્લાસ્ટિકના કુલર ફ્રેમની આડમાં સંતાડીને લઈ જવાતો રૂપિયા 28 લાખનો દારૂ ઝડપી પડાયો

(પ્રતિનિધિ) દાહોદ,તા.11

લોકલ ક્રાઈમ બ્રાન્ચ, દાહોદ કતવારા પોલીસ સ્ટેશન વિસ્તારમા ગુજરાત-મધ્યપ્રદેશ બોર્ડર પર આવેલ ખંગેલા ચેક પોસ્ટ ઉપરથી આઈસર ટ્રકમાં પ્લાસ્ટીકના કુલર ફ્રેમની આડમાં ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયરની વિશાળ જથ્થાબંધ હેરાફેરી ઝડપાતા દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચને નોંધપાત્ર સફળતા મળી છે. માનનીય પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા સાહેબ, દાહોદના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોહીબિશનની અસામાજિક પ્રવૃત્તિઓ ઉપર કડક અંકુશ લાવવા તેમજ મધ્યપ્રદેશ તથા રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાતમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી કરતા ઈસમો સામે અસરકારક કાર્યવાહી કરવા એલ.સી.બી. ટીમોને સતત




સૂચનાઓ આપવામાં આવેલ હતી. જે અનુસંધાને લોકલ ક્રાઈમ બ્રાન્ચ દાહોદના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ. ગામેતી સાહેબના માર્ગદર્શન હેઠળ પી.ઈન્સ. શ્રી ડી.આર. બારૈયા, પી.એસ.આઈ. શ્રી આર.વી. રાઠોડ, પી.એસ.આઈ. શ્રી એન.બી. પરમાર તથા એલ.સી. બી. સ્ટાફની ટીમ કતવારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ અને વાહન ચેકિંગમાં કાર્યરત હતી. દરમિયાન એલ.સી.બી. પો.ઈન્સ. શ્રી એસ.એમ. ગામેતી સાહેબને વિશ્વસનીય બાતમી મળી હતી કે, બંધ બોડીવાળી આઈસર ટ્રક રજી. નં. MP09GH5071 માં પ્લાસ્ટીકના કુલર ફ્રેમની આડમાં ઈંગ્લીશ દારૂ ભરેલ છે, જે મધ્યપ્રદેશ તરફથી ગોધરા તરફ જનાર છે. જેના આધારે ખંગેલા ચેક પોસ્ટ ઉપર વ્યૂહાત્મક રીતે વોચ ગોઠવી ટ્રકને રોકી તપાસ કરતા ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂ તથા બિયરની કુલ ૨૭૧ પેટીઓ, જેમાં ૭૧૮૮ બોટલો મળી આવી. આ કાર્યવાહીમાં કુલ કિ.રૂ. ૨૧,૬૯,૫૬૪/- ના દારૂ-બિયરના પ્રોહી મુદ્દામાલ સાથે હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ આઈસર ટ્રક કિ.રૂ. ૧૫,૦૦,૦૦૦/-, મોબાઈલ ફોન નંગ-૦૧ કિ.રૂ. ૫,૦૦૦/- તથા પ્લાસ્ટીકના કુલર ફ્રેમ નંગ-૧૮ મળી કુલ કિ.રૂ. ૩૬,૭૪,૫૬૪/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો.આ કેસમાં રાજસ્થાન રાજ્યના આરોપી જયરામ પિતા તેજારામ મોતીરામ, જાતે જાટ (ન્હેરાજાટ), ઉ.વ. ૨૭ વર્ષ, ધંધો - ડ્રાઈવિંગ, રહે. નહેરોકાટલા પોસ્ટ કુંદનપુર, તા. સેડવા, જી. બાડમેર (રાજસ્થાન) ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ બાબતે કતવારા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવેલ છે. આમ, કતવારા પોલીસ સ્ટેશન વિસ્તારમા ગુજરાત-મધ્યપ્રદેશ બોર્ડર પરથી દારૂની હેરાફેરી ઝડપાવી દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પ્રોહીબિશનના ગણનાપાત્ર ગુનાનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.

### બોડેલી નજીક નર્મદા કેનાલ પર દારૂની ખેપ મારતા ખેપીયાનો અકસ્માત

બોડેલી : છોટાઉદેપુર જિલ્લાના બોડેલી વિસ્તારમાં દારૂની હેરાફેરી કેટલી બેફામ બની ગઈ છે તેનું ચોંકાવનારું દ્રશ્ય અલ્હાદપુરા નજીક નર્મદા કેનાલ પાસે જોવા મળ્યું. મધ્યપ્રદેશ તરફથી ગુજરાતમાં દારૂની ખેપ મારતા એક ખેપીયાનો અકસ્માત થતા સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં એક પરિવાર ગંભીર રીતે ભયભીત બન્યો હતો, કારણ કે તેમની કારમાં ચાર નાના બાળકો બેઠેલા હતા. એક પરિવાર લગ્ન પ્રસંગે વડોદરા જઈ રહ્યો હતો ત્યારે નર્મદા કેનાલ પાસે એક બાઈક ચાલક તેમની કાર સાથે અથડાયો. અકસ્માત થતાં જ બાઈક પરથી અંગ્રેજી દારૂની બોટલો રોડ પર વેરાઈ ગઈ અને સમગ્ર ઘટના અલગ જ વળાંક લઈ ગઈ. થોડી જ વારમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા અને દારૂ લૂંટવાનો દ્રશ્ય સર્જાયું. કેટલાક લોકો તો દારૂ લઈને ભાગી પણ ગયા. કાયદાના ખુલ્લેઆમ ધજાગરા ઉડતા જોવા મળ્યા.

---

ખાણ ખનીજ વિભાગનો બારાવાડ વિસ્તારમાં સપાટો

## ગેરકાયદેસર ખનન કરતું મશીન ઝડપી પાડતા માફિયાઓમાં ફફડાટ

**ભૂસ્તર** વિભાગના મહિલા અધિકારીની ઉત્કૃષ્ટ કામગીરી

(પ્રતિનિધિ) બોડેલી, તા.11

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ પાવીજેતપુર તાલુકાના બારાવાડ વિસ્તાર માં ભૂસ્તરશાસ્ત્રી વિપુલ સોલંકીના માર્ગદર્શન હેઠળ ખનીજ વિભાગની ટીમ તપાસમાં હતી તે દરમિયાન ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા ગેરકાયદેસર ખનન કરતુ 1 મશીન એક મહિલા અધિકારી દ્વારા ઝડપી પાડવામાં આવ્યું છે લેડી સિંગમ સ્ટાઈલમાં ફિલ્મી ધભે બારાવાડ ખાતે ચાલતા ગેરકાયદેસર ખનન



ને ઝડપી પાડતા આસપાસમાં વિસ્તારોમાં ફફડાટ વ્યાપી ગયો હતો, જ્યારે વિસ્તારમાં વાત કરીએ તો છોટાઉદેપુર જિલ્લામાં ઓરસંગ નદી નો પટ ખૂબ જ મોટા પ્રમાણમાં ફેલાયેલ છે જેથી કરીને અનેક જગ્યાઓ પર ગેરકાયદેસર ખનન થતુ હોવાના કિસ્સાઓ સામે આવતા હોય છે

ખનીજ વિભાગની ટીમ વારંવાર આવા બનાવોને ઝડપી પાડતી હોય છે છતાં પણ આ રેતી માફીયા ઓ ચોરી કરવાનું ભૂલતા નથી જેના પરિણામે ખનીજ વિભાગની ટીમ દ્વારા એક મશીન ઝડપી પાડી નજીકમાં આવેલ રસ્તા ઉપર સીઝ કરવામાં આવ્યું છે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી, હવે જોવું એ રહ્યું કે લાગુ પડતી લીઝ ધારકને આ બાબતે કેટલા દંડની જોગવાઈ કરવામાં આવે છે.

### બાકરોલ ગામે લાઈટના થાંભલાની ડીપીમા ધડાકા સાથે આગ લાગતા ગામમાં અંધારપટ

**કાલોલ :** કાલોલ તાલુકાના બાકરોલ ગામે ભોજાવગા વરિયાવાસ ફળિયામાં લગાડેલ થાંભલા પર જોખમી રીતે ડીપી લગાડવામાં આવી છે. ભોજાવગા ના જાગૃત નાગરીકે તે સમયે વાંધો ઊઠાવ્યો હતો તેમ છતાં પણહનુમાનજી મંદિર પાસે રસ્તા ઉપર કાયદા વિરુદ્ધ થાંભલો નાંખવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. જે બાદ ડીપી બેસાડેલ જેમા આજ રોજ ધડાકા સાથે આગ લાગતા ધુમાડો નિકળતો જોવા મળેલ. અને સમગ્ર ગામમાં લાઇટ બંધ થઈ જવા પામેલ.આ રસ્તા ઉપર મોટરસાયકલ પર ચારો લઈને આવતા જતા પણ ડીપી ને અડકી જવાની શક્યતા હોય અકસ્માત નો ભય રહેતો હોય છે જેથી આ થાંભલો યોગ્ય જગ્યાએ લગાડવા માંગ કરી છે.



---

### પંચમહાલ પોલીસે હાલોલ પાવાગઢ રોડ પરથી અપહરણ થયેલા બાળકને શોધી કાઢ્યું

(પ્રતિનિધિ) હાલોલ,તા.11

હાલોલ વિસ્તારમાં પાવાગઢ રોડ ઉપર ફૂટપાથ પરથી અપહરણ થયેલ પાંચ માસના બાળકને સહી સલામત શોધી કાઢતા તારીખ 07. 01.2026 ના રોજ ફરિયાદી આશાબેન અર્જુનભાઈ દંતાણી એ પાવાગઢ રોડ સાઈબાબા મંદિર પાસે આવેલ ફૂટપટ પર પોતાના બાળકને લઈને સુતા હતા તે દરમિયાન લગભગ રાત્રિના બાર વાગ્યાના સુમારે કોઈ અજાણી સ્ત્રી આવી મારા બાળકનું અપરણ કરી ફરાર થઈ ગયેલ છે તેવી ફરિયાદ હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે કરતા ગુનો રજીસ્ટર થયો હતો ગુના નંબર 17 / 2026 અને કલમ 137(2) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો . આ બનાવની ગંભીરતા



ને ધ્યાને લઈ પંચમહાલ રેન્જના મહા નિર્દેશક તથા પંચમહાલ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ગુમ થયેલ પાંચ માસના બાળકને તાત્કાલિક શોધી કાઢવા જિલ્લા એલસીબી, એસ ઓ જી, હાલોલ ટાઉન પોલીસ આમ અલગ અલગ ટીમો બનાવી ઘટના સ્થળને આસપાસના સીસીટીવી ફૂટેજો તપાસવામાં આવ્યા હતા અને માહિતીના આધારે પોલીસ તંત્ર સ્થળ ઉપર જઈ સદર મહિલા અને પુરુષની તપાસ કરતા અપહરણ બાળક મળી આવ્યું હતું.

પ્લાન્ટની કામગીરીની સમીક્ષા કરાઇ

### મંત્રી ઈશ્વરસિંહ પટેલે સાધલી ખાતે 13.50 MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી

(પ્રતિનિધિ) શિનોર,તા.11

જળ સંપતિ અને પાણી પુરવઠા મંત્રી (સ્વતંત્ર હવાલો), શ્રી ઈશ્વરસિંહ પટેલે શિનોર જૂથ પાણી પુરવઠા યોજના અને સાધલી ખાતે ૧૩.૫૦ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરીની સમીક્ષા કરવા માટે મુલાકાત લીધી. મંત્રીએ પાણી શુદ્ધિકરણ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું અને પ્રદેશને પૂરા પાડવામાં આવતા પીવાના પાણીની ગુણવત્તા અને વિતરણની સમીક્ષા કરી. તેમણે કહ્યું કે આ મુલાકાત પાણી પુરવઠાની સ્થિતિ તપાસવા અને અધિકારીઓને દિશા નિર્દેશો આપવા માટે હતી. આ પ્લાન્ટ દ્વારા ગામડાઓને સમયસર પાણી પુરવઠો મળી રહ્યો છે, અને તેનો હેતુ કોઈપણ સંબંધિત સમસ્યાઓ તપાસવાનો અને તેનું નિરાકરણ



કરવાનો છે. આ પ્લાન્ટ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હેઠળ છે, અને ૪૧ ગામો અને બે નર્મદા વસાહતો તેના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. ફિલ્ટર કરેલ પાણી ૩૩ ગામોને પૂરું પાડવામાં આવે છે, જ્યારે આઠ ગામો તેમની જરૂરિયાતો માટે ભૂગર્ભજળનો ઉપયોગ કરે છે. ફિલ્ટર ક્ષમતા ૧૩.૫૦ એમ.એલ.ડી. છે, અને એલિવેટેડ સ્ટોરેજ રિઝર્વોયર (ટાંકી) ૫.૫૦ લાખ લિટર ક્ષમતા ધરાવે છે

### કાલોલમાં શ્રીરામ રોટી સેવા મંડળ દ્વારા ઉતરાયણ પર્વ પહેલા સેફ્ટી ગાર્ડ વિતરણ

(પ્રતિનિધિ) હાલોલ,તા.11

કાલોલ નગરમાં ઘણા વર્ષોથી લોકસેવા માટે કાર્યરત શ્રીરામ રોટી સેવા મંડળ કાલોલ ટ્રસ્ટ તેમના લોકસેવાના ઉમદા કાર્યોની સુવાસ ફેલાવે છે. રામ રોટી મંડળ દ્વારા નિયમિતપણે દર સપ્તાહે મંગળવારે સાંજે ભુખ્યાજનોને ભોજન આપવામાં આવે છે, ગ્રામીણ શાળાના બાળકો માટે શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવે છે. મકરસંક્રાંતિ, હોળી, દિવાળી જેવા તહેવારોમાં તહેવારોને અનુરૂપ જરૂરીયાતમંદ બાળકોને ભેટ આપે છે.

ચાલું વર્ષે લોકોપયોગી ડેડબોડી ફ્રીઝર બોક્સ પણ આપવામાં આવ્યું છે. જ્યારે તાજેતરમાં શિયાળાની કડકડતી ઠંડીમાં ઠુંઠવાતા જરૂરીયાતમંદ



લોકોને ગરમ ધાબળાઓ ઓઢાળીને મદદરૂપ થવાની હુંફ આપી હતી.જ્યારે રવિવાર ના રોજ ઉતરાયણ પર્વની પહેલા બાઈક ચાલકો ને પંતગ ની દોરી થી રક્ષણ મળે તે માટે ૧૦૦ જેટલા સેફ્ટી ગાર્ડ નું વિતરણ કાલોલ બજારમાં કરવામાં આવ્યું હતું. શ્રી રામ રોટી સેવા મંડળ" દ્વારા તબીબી સાધન સેવામાં વ્હીલચેર, વોકી સ્ટીક, વોકર, એરબેડ, કમોડ ચેર, બેક રેસ્ટ જેવા સાધનો નજીવા રાહતદરે ભાડે આપવામાં આવે છે.

---

સીમલીયા ,ગોપાલપુરા ,પનસોલીની એમ .પી .વસાહતમાં લોકોને પાણીની તકલીફ

## ઘોઘંબાના ગુંદી ગામમાં ધોરણ 9ના વિદ્યાર્થીનું શંકાસ્પદ મોત, પાણીના કોતરમાંથી મળ્યો મૃતદેહ

(પ્રતિનિધિ) કાલોલ,તા.11

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ગુંદી ગામમાં એક કરુણ અને ચકચારજનક ઘટના સામે આવી છે. ગુંદી ગામના રાઠવા ફળિયામાં રહેતા અને ધોરણ 9માં અભ્યાસ કરતા વિદ્યાર્થી યુવરાજ રાઠવાનો મૃતદેહ ગામ નજીક આવેલા પાણીના કોતરમાંથી શંકાસ્પદ હાલતમાં મળી આવતા સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. મૃતદેહ મળવાની જાણ થતાં ગામજનો મોટી સંખ્યામાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા. યુવરાજના પરિવારજનોને આ દુઃખદ સમાચાર મળતા જ



પરિવાર પર આભ તૂટી પડ્યું હતું અને સમગ્ર ગામમાં શોક અને ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ યુવરાજ રાઠવાને ઈલેક્ટ્રિક વાયરથી કરંટ લાગ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગામમાં એવી ચર્ચા છે કે કરંટ લાગવાથી યુવરાજનું મોત થયું હોઈ શકે છે અને ત્યારબાદ કોઈ અજાણ્યા ઈસમ દ્વારા તેના મૃતદેહને પાણીના કોતરમાં ફેંકી દેવામાં આવ્યો હોવાની શક્યતા છે. આ કારણે ઘટનાએ વધુ શંકાસ્પદ વળાંક લીધો છે.

ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા આજુબાજુના ખેતરોમાં લાગેલા ઈલેક્ટ્રિક વાયરોની તપાસ કરવામાં આવી રહી છે તેમજ મૃતદેહ કોણે અને કેવી રીતે પાણીમાં ફેંક્યો તેની પણ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. યુવરાજના મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ અને પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે.

### પાદરા ઝેન સ્કૂલમાં બે દિવસીય વાર્ષિક રમતોત્સવનું ભવ્ય આયોજન

પાદરાઃ 28 વર્ષની ઉજ્જ્વળ પરંપરા ધરાવતી ઝેન સ્કૂલ દ્વારા બે દિવસીય વાર્ષિક રમતોત્સવનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં શારીરિક, માનસિક તથા સામાજિક દ્રષ્ટિએ સર્વાંગી વિકાસને પ્રોત્સાહિત કરવાનો હતો.




**જાહેર નોટીસ** અરજદાર તરફે વિ.વ.શ્રી

એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ નં.473/2025 તા.01-06-2026

અરજદાર : પાઠક પ્રદિપકુમાર જયંતિભાઇ (રહે.ગરબાડા તા.ગરબાડા, જિ.દાહોદ)

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી ગરબાડા, તા.ગરબાડા,જી.દાહોદ

જન્મ-મરણની અધિનિયમની કલમ : ૧૩ (૩)મુજબની જન્મની નોંધણી કલમ કરવા બાબત

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે અત્રેની કોર્ટના અરજદાર પાઠક પ્રદિપપકુમાર જયંતિભાઇનાઓનો જન્મ તા. 01-01-1968 ના રોજ ગામ ગરબાડા, તા.ગરબાડા, જિઉદાહોદ મુકામે તેઓના નિવાસસ્થાને થયેલ છે. જે અરજી અને સોગંધનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે અરજદારના માતા પિતા દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા, તા. ગરબાડા, જિ.દાહોદના જન્મ મરણ નોંધણી રજિસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું રજદારને તેમના જન્મના દાખલાની જરૂરિયાત હોઇ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં.13 (3) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.

જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતાં જે કોઇ સમને વાંધો વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-15 (પંદર)માં કે પહેલા જાતે આ વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી તબાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામા આવશે જે અંગે લેશો.

સહી

તા.01-01-2026

સ્થળ : ગરબાડા

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા